**સેશન્સ કેસ નંબરઃ– ૮૩/૨૦૧૯**
**આંક –૫૪**

| સેશન્સ કેસ નંબરઃ– ૮૩/૨૦૧૯ | | |
|---|---|---|
| ફરીયાદપક્ષે સાહેદ નંબર | 10 | ની જુબાની |

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરુ છુ કેઃ

| | | | | |
|---|---|---|---|---|
| મારુ નામ | દિલાવરખાન સિંકદરખાન કટકડી | | | |
| ધર્મ | મુસ્લીમ | | મોબાઈલ નંબર | 9099961040 |
| ઉંમર આશરે | ૫૫ | વરસની | ધંધો | એ.એસ.આઈ. ડીસા શહેર ઉતર પો.સ્ટે. |
| રહેવાનુ | ડીસા તા.ડીસા | | ડીસ્ટ્રીકટ | બનાસકાંઠા |
| સોગંદ આપ્યા | | સરતપાસ | એ.પી.પી.શ્રી | વી બી કંસારા |

(૧) હું હાલમાં ડીસા શહેર ઉતર પો.સ્ટે.માં એ.એસ.આઈ. તરીકે મારી ફરજ બજાવુ છું. ગઈ તા. ૧૮/૧૨/૨૦૧૯ના રોજ હું ડીસા રૂરલ પો.સ્ટે. ચાર્જમાં પી.એસ.ઓ તરીકે મારી ફરજ બજાવતો હતો તે દરમિયાન પી.એસ.આઈ. જી.આર.ઠાકોર ડીસા રૂરલ પો.સ્ટે.નાઓએ તેમના રૂબરૂની ફરીયાદી મનુભા શાંતુભા વાઘેલા રહે.ભડથવાળાની લેખિત ફરીયાદ મને ગુનો રજીસ્ટર કરવા મોકલી આપેલ. જે ફરીયાદ વંચાણે લેતા ફરીયાદી મનુભા શાંતુભા વાઘેલા રહે.ભડથવાળાએ તહોમતદાર વાઘેલા મદારસિંગ પરમાજી વિગેરે ચાર વિરૂધ્ધ ભડથ ગામની સીમમાં આવેલ ગૌચરની જમીનમાં ગેરકાયદેસર વાવેતર કરી ખેતી રક્ષણ માટે પાતળા તારની વાડ કરી ઈલેકટ્રીક ઝાટકા મશીન ગોઠવેલા. જેથી ફરીયાદી તથા સાહેદોને ઘરેથી ખેતરે જતા ઈલેકટ્રીક ઝાટકા મશીનનો કરંટ લાગેલ તે બાબતની તહોમતદારોને ફરીયાદીએ ઠપકો આપતા તહોમતદારો ઉશ્કેરાઈ ગયેલા અને વાઘેલા નાનસિંગ મદારસિંગે કુહાડી તથા વાઘેલા મદારસિંગ તથા વાઘેલા મકુજી અને વાઘેલા રાવતાજીએ ફરીયાદી તથા સાહેદોને ગડદાપાટુનો

સાહેદની સહી............................

માર મારી ઈજાઓ કરેલ તેમજ ભુંડી ગાળો બોલેલી અને ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરેલ એ બાબતની ફરીયાદ અમોએ ડીસા રૂરલ પો.સ્ટે. ફર્સ્ટ ગુના નં.૧૦૬/૨૦૧૯, ઈ.પી.કો કલમ–૩૦૮,૩૨૪,૩૨૩,૫૦૬(૨), ૧૧૪ મુજબનો ગુનો નોધી આગળની તપાસ પી.એસ.આઈ.શ્રી જી.આર.ઠાકોર તરફ ડેપ્યુટ કરેલ અને ગુનાના કામે સુચીપત્ર તૈયાર કરેલ અને એફ.આઈ.આર.ની નકલ જે તે વખતે નામ.કોર્ટમાં મોકલી આપેલ.

મને માર્ક:૧૯/૧વાળું સુચીપત્ર બતાવવામાં આવે છે, જે સુચીપત્ર અમોએ તૈયાર કરેલ, જેમાં નીચે મારી સહી અને હોદો છે, જે હું ઓળખી બતાવુ છુ, જે રજુ દાખલ **<u>આંક:૫૫</u>** આપવામાં આવે છે.

મને નામ.કોર્ટના રેકર્ડમાંથી સી.આર.પી.સી.૧૫૪ મુજબની એફ.આઈ.આર. બતાવવામાં આવે છે, જે એફ.આઈ.આર.માં ફરીયાદીના અંગુઠાનુ નિશાન છે અને મારી સહી છે, જે હું ઓળખી બતાવુ છુ, જે રજુ દાખલ **<u>આંક:૫૬</u>** આપવામાં આવે છે.

**સરતપાસ પુરી.**

**<u>આરોપીઓ તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી.આર.વી.સોલંકી..</u>**

(૨) એ વાત ખરી છે કે કહેવાતા બનાવની મૌખિક ફરીયાદ મારી રૂબરૂ લખાવેલ નથી. એ વાત ખરી છે કે લેખિત ફરીયાદ નોધ્યા સિવાય બીજી કામગીરી મે કરેલ નથી. એ વાત ખરી છે કે લેખિત ફરીયાદ પી.એસ.આઈ. પાસે લેવાયેલ છે અને તપાસ પણ તેમણે કરેલી.

**વિશેષ ઉલટતપાસ નથી,**

**ફેર ઉલટતપાસ નથી.**

સાહેદની સહી............................

**સાહેદ તથા વકીલશ્રીઓ ચાલુ જુબાનીએ પોતાની જુબાની મોનીટર ઉપર વાંચી શકે છે તેથી તેણે એપ્રુવ કરેલી જુબાનીની પ્રિન્ટ છે. નામ.ગુજરાત હાઈકોર્ટ તરફથી આ અદાલતને તા.૨૪/૦૭/૨૦૧૯ના રોજ સુચના મળેલ છે કે દરેક જુબાનીઓમાં સાહેદની સહી લેવી તેથી સાહેદે લખ્યા મુજબ જુબાની આપ્યાની કબુલાત બદલ સહી કરેલ છે.**

..........................................

સાહેદની સહી

| | |
|---|---|
| | મારી રૂબરૂ, |
| મુ. ડીસા | (કુ.એસ.એમ.કાનાબાર) |
| તા. ૦૫/૦૨/૨૦૨૬ | છઠા એડી.સેસન્સ જજ, ડીસા |

સાહેદની સહી.............................